

माकृअनुप
ICAR

# ગીરનાર-૪

હીजीआर
DGR

## એક ઉચ્ચ ઓલિક એસિડ ધરાવતી મગફળી ની જાત.

### મુખ્ય લાક્ષણિકતાઓ :-

- ગીરનાર-૪ એક ઉચ્ચ ઓલિક એસિડ ધરાવતી અને વધુ ઉત્પાદન આપતી મગફળીની જાત છે.
- ગીરનાર-૪ માં ૫૩% તેલ નું પ્રમાણ છે.
- ગીરનાર-૪ માં ૭૮% ઓલિક એસિડ નું પ્રમાણ છે અને ઓલિક અને લિનોલિક એસિડ નો ગુણોત્તર ૧૭ છે.
- ગીરનાર-૪ ખરિફ ઋતુમાં ૩ ટન/હેકટર થી વધારે ઉત્પાદન આપે છે.

### કયાં અને કયારે વાવણી કરવી :-

- આ જાતનું ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ માં વાવેતર કરવાની ભલામણ છે.
- આ જાતની ખરિફ ઋતુમાં વાવણી કરવી યોગ્ય છે.
- આ જાત ૧૧૦-૧૧૨ દિવસમાં પાકે છે.






## ગીરનાર-૪ નાં ફાયદા :-

- ઓલિવ ઓઇલ તેના ઉચ્ચ ઓલિક એસિડ નાં પ્રમાણ માટે જાણીતું છે કે જે હૃદયરોગને અટકાવે છે અને કોલેસ્ટરોલ નું સ્તર સામાન્ય રાખે છે.
- ગીરનાર-૪ નું તેલ ઓલિવનાં તેલ કરતા તંદુરસ્તીની દ્રષ્ટિએ વધુ સારૂ છે કારણ કે તેમાં ઓલિવ નાં તેલમાં આવેલ ૭૦-૭૫% ઓલિક એસિડ નાં પ્રમાણ કરતા ૭૮% થી વધુ ઓલિક એસિડનું પ્રમાણ છે.
- ગીરનાર-૪ નાં તેલ માંથી ખેડૂતો અને સામાન્ય માણસોને ઓલિવ ઓઇલ થી તંદુરસ્તીમાં થતા ફાયદા જેટલોજ ફાયદો થશે અને ઉચ્ચ ગુણવત્તાની સુગંધ અને સ્વાદ પણ મળશે.
- ગીરનાર-૪ માંથી બનાવેલ તેલ અને બીજી મગફળીની વાનગીઓ સામાન્ય મગફળી માંથી બનાવેલા તેલ અને વાનગીઓ કરતા ૧૦ ગણી વધારે સંગ્રહશકિત ધરાવે છે.
- ખેડૂતો હવે વધારે માંગ ધરાવતી ઉચ્ચ ઓલિક ધરાવતી ગીરનાર-૪ નાં વાવેતર થી વધુ બજાર કિંમત અને નફો મેળવી શકશે.




**સંકલન:**

એસ. કે. બેરા અને રાધાકૃષ્નન ટી.

**પ્રકાશક :**

આઇ.સી.એ.આર. - મગફળી સંશોધન નિદેશાલય,
ઈવનગર રોડ, પો.બો. નં. ૫,જુનાગઢ-૩૬૨૦૦૧ ગુજરાત, ભારત.
વેબ સાઈટ : www.dgr.org.in
ઈ-મેલ : director.dgr@icar.gov.in
ટેલીફેક્સ : +91-0285-2673041